# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૨૭/૯/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ટેક્સટાઇલ અને જ્વેલરીના બિઝનેસને પોલેન્ડમાં પ્રમોટ કરવા માટે ચેમ્બરની પોલેન્ડના કોન્સુલ જનરલને રજૂઆત

## દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો અને પોલેન્ડની વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધારવાની દિશામાં પણ મહત્વની ચર્ચા વિચારણા કરવામાં આવી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે સોમવાર, તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ બપોરે ૨:૦૦ કલાકે પોલેન્ડના કોન્સુલ જનરલ હીઝ એકસલન્સી મિ. દમીયન ઇરઝીકે સાથે મિટીંગ મળી હતી. જેમાં દક્ષિણ ગુજરાતમાં સ્થપાયેલા ઉદ્યોગો અને પોલેન્ડની વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધારવાની દિશામાં મહત્વની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ મિટીંગમાં સર્વેને આવકાર્યા હતા. તેમણે પોલેન્ડના કોન્સુલ જનરલ હીઝ એકસલન્સી મિ. દમીયન ઇરઝીકેને જણાવ્યું હતું કે સુરતથી ટેકસટાઇલ, મેડીકલ ટેકસટાઇલ અને ટેકનિકલ ટેકસટાઇલ તથા જ્વેલરીને પોલેન્ડમાં પ્રમોટ કરવામાં આવે. પોલેન્ડના કોન્સુલ જનરલે પણ આ દિશામાં પ્રયાસ કરીશું તેવી ખાતરી આપી હતી.

ચેમ્બરના પ્રમુખે પોલેન્ડના ટુરીઝમ, એજ્યુકેશન અને સફરજનના બિઝનેસને પ્રમોટ કરવા માટે પ્રયાસ કરવામાં આવશે તેમ કોન્સુલ જનરલને જણાવ્યું હતું. તદુપરાંત ચેમ્બર દ્વારા ટુરીઝમ એકસપોનું આયોજન કરવામાં આવનાર છે, જેમાં કન્ટ્રી પેવેલિયન તરીકે પોલેન્ડ દ્વારા ભાગ લેવામાં આવે તેવા અનુરોધ સાથે ચેમ્બર તરફથી કોન્સુલ જનરલને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

પોલેન્ડના કોન્સુલ જનરલ હીઝ એકસલન્સી મિ. દમીયન ઇરઝીકે જણાવ્યું હતું કે, સુરત સહિત ગુજરાતના ઉદ્યોગપતિઓને પોલેન્ડમાં મેન્યુફેકચરીંગ પ્રવૃત્તિઓમાં રોકાણ કરવાની ઘણી સારી તકો છે. કારણ કે, યુરોપિયન દેશોમાં સૌથી ઓછો ઉત્પાદન ખર્ચ પોલેન્ડમાં થાય છે. જેથી સુરતના ઉદ્યોગકારો પોલેન્ડમાં ઉત્પાદન કરશે તો તેઓ ફ્રાન્સ અને જર્મની સાથે સરળતાથી બિઝનેસ કરી શકશે.

તેમણે જણાવ્યું હતું કે, ભારત અને પોલેન્ડ વચ્ચે દ્વિપક્ષીય વેપાર ઘણો ઓછો છે. પોલેન્ડ, વિશ્વભરમાં વાર્ષિક ૫૦૦ બિલિયન યુએસ ડોલરનું એકસપોર્ટ કરે છે. જ્યારે ભારતમાં માત્ર ૭૦૦ મિલિયન ડોલરનું જ એકસપોર્ટ થાય છે. આથી પોલેન્ડથી ભારતમાં એકસપોર્ટ વધે તે દિશામાં પ્રયાસ કરવા માટે તેમણે ચેમ્બરને અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે કહયું કે, પોલેન્ડ એ વિશ્વમાં સૌથી મોટું બીજા નંબરનું સફરજનનું ઉત્પાદન કરે છે. પરંતુ, ભારતમાં ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડથી સફરજન આયાત થાય છે. આથી પોલેન્ડથી પણ દક્ષિણ ગુજરાત સહિત ભારતભરમાં સફરજન આયાત થાય તે માટે પ્રયાસ કરવા અનુરોધ કર્યો હતો.

મિટીગના અંતે ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માની મિટીગનું સમાપન કર્યું હતું.